# સરકાર કહે છે ૧૦ કેસ જિલ્લામાં નોંધાયા

## જિલ્લામાં ૧૬ કેસ સામે આવ્યાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં આજે કુલ ૧૦ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ વિગતોમાં આ હકીકત કહેવાઈ છે. જોકે મનપા વિસ્તારમાં એક તેમજ ગાંધીનગર તાલુકાના ૬ અને કલોલ તાલુકાના કેસો ૯ કેસ ગણવામાં આવે તો આ સંખ્યા ૧૬ થાય છે.

૧૦ કેસો નોંધાયા છે તે સાથે સરકારના આંકડા પ્રમાણે કુલ સંખ્યા ૧૨૯ ની થાય છે. આજે જિલ્લામાંથી ૧૨ વ્યક્તીઓને સાજા થઈ જતાં રજા આપવામાં આવી છે. જેમાં સાત પુરૂષ દર્દી અને પાંચ સ્ત્રી દર્દીનો સમાવેશ થાય છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૮ દર્દીઓને આજે રજા આપવામાં આવી છે જે નોંધનીય છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૨ દર્દીઓને રજા આપવામાં આવી હોવાનું સરકારની અખબારી યાદીમાં જણાવાયુ છે.

ગાંધીનગર તાલુકાના છાલા ગામેથી આજે વધુ ૩ કેસ મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. છાલામાં ગઈકાલે મળેલ આરોગ્ય કર્મી પછી આજે તેના જ પરિવારમાંથી વધુ ૩ કેસ સામે આવ્યા છે. જેમાં બે મહિલા અને પુરૂષનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત વાવોલમાંથી આજે એક પાંચ માસની બેબીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ નાનુ બચ્ચુ વાવોલના ''રોયલ એપાર્ટમેન્ટ'માંથી મળેલા પરિવારનું જ હોવાનું જાણવા મળેલ છે.

ગઈકાલે મોડી રાત્રે કોબા અને ઝુંડાલમાંથી પણ ૧-૧ કેસ મળી આવ્યો હતો. જોકે આ બન્ને અમદાવાદ ખાતે નોકરી કરતા હોવાનું અને ત્યાંથી સંક્રમિત થયાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જોકે આ બન્ને દર્દીઓના ત્યાં તંત્રએ સેનીટાઈઝેશન સહિતની કામગીરી સાથે વિસ્તારમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી દીધી છે.

કલોલ તાલુકાના જાસપુર ગામે પાણીની ટેન્ક પર ફરજ બજાવતા ૬ કર્મચારીઓ જે કલોલ ખાતે રહે છે તેમના રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તંત્ર દ્વારા તાલુકામાં સર્વેલન્સ સઘન બનાવવાના આદેશ આપ્યા છે.

**આજના પોઝિટિવ કેસ જિલ્લામાં ક્યાં-ક્યાં**

| | |
|---|---|
| છાલા | ૦૩ |
| વાવોલ | ૦૧ |
| કોબા | ૦૧ |
| ઝુંડાલ | ૦૧ |
| કલોલ | ૦૬ |
| પાનસર | ૦૧ |
| સઈજ | ૦૧ |
| કલોલ શહેર | ૦૧ |
| કુલ | ૧૫ |

આ ઉપરાંત કલોલ તાલુકાના પાનસર અને સઈજ ગામેથી તેમજ કલોલ શહેરમાંથી પણ મોડી સાંજે ૧-૧ કેસ મળી આવ્યો હોવાથી આજે કલોલ તાલુકામાંથી નવ કેસ મળ્યા હતા.

ગાંધીનગર તાલુકામાંથી ૬ તો કલોલમાંથી ૯ કેસ મળતાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારનો આંક ૧૫ થયો હતો. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ સાથે ૯૩ પર પહોંચ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે લોકડાઉનના અસરકારક અમલીકરણની સાથે સાથે સેમ્પલીંગ વધારવા માટેની સૂચનાઓ જિલ્લાકક્ષાએ યોજાતી સમીક્ષા બેઠકમાં આવી છે.

## સે. ૩-બી માં વધુ એક કેસ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં આજે સે. ૩-બી માંથી એક કોરોના પોઝીટીવનો કેસ મળી આવેલ છે. આ સાથે શહેરી વિસ્તારના કેસોની સંખ્યા ૪૨ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૩-બી માંથી એક ૪૧ વર્ષીય પુરૂષ દર્દીનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે. આ દર્દી ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ એક ખાનગી હોસ્પિટલમાં સેવારત હોવાનું જાણવા મળેલ છે.

આજે આ કેસ આવતાં જ તંત્ર દ્વારા સેનેટાઈઝેશન સહિતની કામગીરી હાથ ધરવામાં આવી હતી તંત્રએ આ દર્દીના પરિવારના સાત વ્યક્તીઓને ક્વોરોન્ટાઈન કર્યા હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આ ઉપરાંત બાવળા ખાતે તબીબ તરીકે ફરજો બજાવતા સે. ૪ના રહીશને પણ કોરોના પોઝીટીવ જણાયો છે. આ દર્દી છેલ્લા ૧૦-૧૨ દિવસથી ગાંધીનગરમાં આવ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે. જોકે તંત્ર દ્વારા સાવચેતીના પગલાંઓ લેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકાની યાદીમાં આજે દર્શાવાયેલ સેક્ટર-૫/સીના દર્દીની વિગતનો ગઈકાલના ગાંધીનગર સમાચાર દૈનિકમાં ઉલ્લેખ કરાયો છે. આમ શહેરમાં હવે ૪૨ કેસમાંથી ૧૮ ડિસ્ચાર્જ થતાં ૨૩ દર્દીઓ સારવાર હેઠળ છે.

**ક્યા સેક્ટરમાં કેટલા કેસ ?**

| સેક્ટર | કેસ | રિકવર |
|---|---|---|
| સેક્ટર-૨ | ૦૭ | ૦૧ |
| સેક્ટર-૩ | ૦૬ | ૦૨ |
| સેક્ટર-૩ન્યુ | ૦૨ | ૦૧ |
| સેક્ટર-૫ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૭ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૮ | ૦૨ | ૦૧ |
| સેક્ટર-૧૨ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૧૩ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૧૭ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૨૨ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૨૩ | ૦૪ | ૦૪ |
| સેક્ટર-૨૪ | ૦૭ | ૦૧ |
| સેક્ટર-૨૯ | ૦૭ | ૦૬ |
| સેક્ટર-૩૦ | ૦૧ | ૦૦ |
| કુલ | ૪૨ | ૧૮ |

*(એક મૃત્યુ-સેક્ટર-૨૯)

## સામાન્ય લક્ષણ ધરાવતા દર્દીને ૧૦ દિનની સારવાર બાદ રજા

**આઇસીએમઆરના ફેરફાર સરકારની જાહેરાત : સ્થિતિ સામાન્ય જણાય તો દસ દિવસ પછી પીસીઆર-આરટી ટેસ્ટ કર્યા વિના કોરોના મુક્ત ગણીને રજા અપાશે**

અમદાવાદ,તા.૧૦

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા કોરોનાના દર્દીઓની સારવારની પોલિસીમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આઈસીએમઆર સમયાંતરે પ્રોટોકોલમાં ફેરફાર કરે છે. ત્યારે ગુજરાતમાં પણ કેન્દ્રની ગાઇડલાઇન પ્રમાણે દર્દીઓને રજા આપવામાં આવશે. મુખ્યપ્રધાનના સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું કે, હોસ્પિટલમાં દાખલ દર્દીની સ્થિતિ સામાન્ય રહેશે તો તેમને ૧૦ દિવસ બાદ રજા આપવામાં આવશે. એટલું જ નહિં આવા દર્દીઓને રજા આપતી વખતે તેમનો કોરોના ટેસ્ટ પણ કરવાની જરૂર નહીં રહે. જ્યારે કે સરેરાશ અને ગંભીર લક્ષણો ધરાવતા દર્દીઓને પણ ગાઇડલાઇન મુજબ ટેસ્ટ કર્યા બાદ અને તેમની સ્થિતિ સામાન્ય બન્યા બાદ ડિસ્ચાર્જ કરવામાં આવશે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે વધુમાં જણાવ્યું કે, સમગ્ર દેશમાં કોરોનાની સારવાર માટે પ્રોટોકોલ આઈસીએમઆર દ્વારા નક્કી કરવામાં આવે છે. કોરોનાની સારવાર કેવી રીતે કરવી તેની ગાઇડલાઈન આઈસીએમઆર દ્વારા બહાર પાડવામાં આવે છે. દરેક રાજ્યમાં એ ગાઈડલાઈન પ્રમાણે સારવાર કરવામાં આવે છે. ગઈકાલે કોવિડની ગાઈડલાઈનમાં આઈસીએમઆર દ્વારા મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં હવે જો કોરોનાનો દર્દી કોઈ લક્ષણ ધરાવતો ન હોય અથવા નજીવા લક્ષણ હોય અને હોસ્પિટલમાં દાખલ થાય તો ૧૦ દિવસની સારવાર પછી રજા આપી શકાય છે અને રજા આપતા પહેલા ટેસ્ટ કરવાની જરૂર નથી. ડિસ્ચાર્જ આપતી વખતે ત્રણ દિવસ અગાઉ સુધી કોઈ બીમારીના લક્ષણ હોવા જોઈએ નહીં. સામાન્ય

● અનુસંધાન પાન-૭ પર



માતાનો પ્રેમ એ વિશાળ દરિયો છે. પરંતુ ફર્ક એટલો કે એમાં જરાય ખારાશ નથી, માત્ર મિઠાશ જ મિઠાશ છે. માતા માટે તેનું બાળક ક્યારેય મોટું નથી થતું તે તો હંમેશા તેને વાત્સલ્ય કર્યા જ કરે છે. તેના પ્રેમનો જોટો જડવો મુશ્કેલ છે. મધર્સ ડે પર સોશિયલ મીડિયા પર ખૂબ સંદેશાઓ આવી રહ્યા છે. લાગણીઓ દર્શાવતા આ સંદેશાઓ તમામ માતાઓને સમર્પિત છે. જો કે એ પણ એટલું જ સાચું છે કે માતાના પ્રેમનો આભાર વ્યકત કરવા કોઈ એક દિવસ ન હોઈ શકે તે આપણને જેમ હંમેશા અવિરત પ્રેમ કર્યા કરે છે તેમ મધર્સ ડેની ઉજવણી તો દરરોજ હોવી જોઈએ. ભલે તે અબૂધ, અભણ હોય પરંતુ મુશ્કેલીઓ સામે મકકમતાથી લડવાનું શિક્ષણ તે જ આપણને આપી શકે છે. બાળક સાથે માતાની આ વાત્સલ્યભરી તસવીર મધર્સ ડે પર અર્પણ કરીએ છીએ. મા તે મા....

## ગુજરાતે હજુ સુધી પરપ્રાંતિયોને વતન મોકલવા ૧૬૭ ટ્રેન દોડાવી

**શ્રમિકો માટે ગુજરાતથી ૪૬ ટકા ટ્રેનો દોડાવાઇ : પરપ્રાંતિયોને યુપી, બિહાર, ઝારખંડ, રાજસ્થાન, બંગાળ, મધ્યપ્રદેશ સહિતના રાજ્યમાં તેમના વતન રવાના કરાયા**

ગાંધીનગર, તા.૧૦

પરપ્રાંતીય-શ્રમિકોને તેમના વતન મોકલવા માટે અમદાવાદ શહેરના કાલુપુર, સાબરમતીમાંથી ૧૮, સુરતમાંથી ૧૪, વડોદરા અને રાજકોટમાંથી ત્રણ-ત્રણ ટ્રેનો એ સિવાય રાજયના અન્ય વિસ્તારોમાંથી મળી આજે કુલ ૫૬ ટ્રેનો દોડાવવામાં આવી છે. બે દિવસમાં બે લાખ, ૬૮ હજારથી વધુ પરપ્રાંતીયો-શ્રમિકોને યુપી, બિહાર, ઝારખંડ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ સહિતના અન્ય રાજયોમાં તેમના વતન રવાના કરાયા છે. અત્યારસુધીમાં ગુજરાતમાંથી કુલ ૧૬૭ જેટલી ટ્રેનો પરપ્રાંતીયો, શ્રમિકોને તેમના વતન પહોંચાડવા માટે દોડાવવામાં આવી છે. સમગ્ર દેશમાંથી ગુજરાતમાંથી ૪૬ ટકા ટ્રેનો ગુજરાતમાંથી દોડાવવામાં આવી છે કે જેનાથી પરપ્રાંતીયો-શ્રમિકોને તેમના વતન પહોંચાડી શકાય. ભારતમાંથી પંજાબ, મહારાષ્ટ્ર સહિતના રાજયોમાંથી મળી કુલ ૩૮૪ જેટલી ટ્રેનો દોડાવવામાં આવી છે, જેમાંથી ૧૬૭ ટ્રેનો ગુજરાત દ્વારા પરપ્રાંતીયોને તેમના વતન મોકલવા માટે દોડાવાઈ છે, જે નોંધનીય છે. ઉલ્લેખનીય છે કે, આજે અમદાવાદ શહેરમાં ચાંગોદર, વંદે માતરમ, જીએમડીસી ગ્રાઉન્ડ, અમરાઈવાડી સહિતના વિસ્તારોમાં હજારો પરપ્રાંતીયો વતનમાં જવાની માંગ સાથે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં જડબેસલાક લોકડાઉનની અસરથી સન્નાટો

**સેકટરોના શોપિંગ બજારોમાં પણ ખાલીપો : શનિારે સાંજે ભીડના દ્રશ્યો બાદ આજે દિવસ દરમિયાન મુખ્યમાર્ગો અને સેકટરોની શેરીઓમાં સુનકાર પ્રવર્તાયો : કોરોનના કહેર વચ્ચે નાગરિકો ૧૭ મેં સુધી સંપુર્ણ લોકડાઉનનો અમલ કરવાના મુડમાં**













ગાંધીનગર તા ૧૦

સમગ્ર દેશ સહીત ગુજરાતમાં કોરાનાનુ સંક્રમણ વધતા લોકડાઉન લંબાવવાની અગાઉ જાહેરાત થઈ હતી. જયારે ગુજરાતમાં પણ છેલ્લા ૪૫ દિવસથી લોકડાઉન યથાવત છે. આમછતા કોરોનાના કેસ વધતા રેડ ઝોનમાં સમાવિષ્ટ શહેર જિલ્લામાં સંપુર્ણ લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં પણ આજે સંપુર્ણ લોકડાઉનનો અમલ કરવામાં આવ્યો હતો. શાકભાજી , ફ્રુટ અને કરિયાણાનુ વેચાણ સદંતર બંધ રાખવામાં આવ્યુ હતુ સંપુર્ણ લોકડાઉનની અસર વચ્ચે શહેરમાં દિવસ દરમિયાન અનોખો સન્નાટો જોવા મળ્યો હતો. નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં ગરમી અને લોકડાઉનની અસર વચ્ચે એકલદોકલ વ્યકિતઓની અવરજવર પણ જોવા મળી ન હતી.

શહેરમાં આજે સંપુર્ણ લોકડાઉનની અસર વચ્ચે સદંતર સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. સેકટરોમાં દિવસ દરમિયાન માર્ગો પર સુનકાર પ્રવર્તાયો હતો. સેકટરોની શેરીઓમાં પણ એકલદોકલ વ્યકિતની અવરજવર પણ જોવા મળી ન હતી. કોરોના વાયરસના વધતા કેસના લીધે સરકારે ગઈકાલે ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં સંપુર્ણ લોકડાઉન જારી કર્યુ હતુ. જેના લીધે શનિવારે બપોરથી જ શહેરના શોપિંગ બજારોમાં મેળા જેવી ભીડ ઉમટી હતી. આમ નાગરિકો કરિયાણુ તેમજ શાકભાજીની ખરીદી કરવા નિકળી પડયા હતા. જેના લીધે આડા દિવસો કરતા પણ વધુ ભીડથી શોપિંગ બજારો ઉભરાયા હતા. જયારે તા ૧૦ થી ૧૭ મેં સુધી સંપુર્ણ લોકડાઉનની જાહેરાત કરવામાં આવતા હાલ માત્ર દુધ તેમજ દવાનુ જ વેચાણ કરવામાં આવી રહ્યુ છે. કરિયાણા તેમજ શાકભાજી અને ફ્રુટનુ વેચાણ પણ સદંતર બંધ કરી દેવામાં આવ્યુ છે. શહેરમાં છેલ્લા ૪૫ દિવસથી લોકડાઉન છે. જેના લીધે આમ પણ જનજીવન થંભી ગયુ છે. નગરના માર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં સન્નાટો જોવા મળે છે. બીજીતરફ છેલ્લા એક મહીનાથી સતત ગરમી વધતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમીના લીધે બપોરના સમયે આમ પણ કોઈ બહાર નિકળતુ નથી. કોરોના વાયરસ અને ગરમીએ જનજીવનને બાનમાં લીધુ છે. કોરોના વાયરસના લીધે છેલ્લા દોઢ મહીનાથી આમ નાગરિકોના કામ ધંધા ઠપ્પ થઈ ગયા છે. શાળા કોલેજો પણ બંધ છે. જયારે વિદ્યાર્થીઓના વેકેશનની મજા પણ છીનવાઈ ગઈ છે. આવા સંજોગોમાં વાયરસનુ જોર વધતા હવે શાકભાજી અને કરિયાણાનુ વેચાણ પણ બંધ કરી દેવાયુ છે. આજથી શહેરમાં સંપુર્ણ લોકડાઉનની અસર વચ્ચે નાગરિકો ઘરની બહાર નિકળ્યા ન હતા. શાકભાજી લેવાની પણ જરૂર ન હોવાથી શહેરના માર્ગો પર આખો દિવસ સુનકાર જોવા મળ્યો હતો. નગરના મુખ્ય માર્ગો સહીત સેકટરોની શેરીઓમાં પણ શાકની લારીવાળા અદ્રશ્ય રહ્યા હતા. જયારે કરિયાણાની દુકાનો પણ બંધ રહેતા શોપિંગ બજારોમાં પણ સદંતર ખાલીપો નજરે પડયો હતો.

## રાજ્યમાં લોકડાઉન ભંગના ૧૪૮૧૯૩ ગુના નોંધાયા

અમદાવાદ,તા.૧૦

રાજયના પોલીસ વડા શિવાનંદ ઝાએ જણાવ્યું છે કે, કોરોનાના સંક્રમણને રોકવા માટે તંત્ર દ્વારા જે નિર્ણયો કરાયા છે તેના અમલ માટે પોલીસ પૂરતા એન્ફોર્સમેન્ટ સાથે પગલાં લઈ રહી છે. લોકોને અગવડતા પડતી હશે પણ આપના સ્વાસ્થ્યના હિત માટે જ છે એટલે જ નાગરિક બિનજરૂરી ભેગા ન થાય અને સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવે એ અત્યંત અનિવાર્ય છે. પોલીસ દ્વારા સઘન સર્વેલન્સ ચાલુ છે એટલે આપ સૌ સહયોગ આપો એ જરૂરી છે. લૉકડાઉનના ચૂસ્ત અમલની વિગતો આપતાં ઝાએ ઉમેર્યુ કે પરપ્રાંતિય શ્રમિકો કે જે પગપાળા વતન રોડ માર્ગે જઈ રહ્યા છે તે અંગે તમામ એકમોને સૂચના આપવામાં આવી છે કે તેમને શેલ્ટર હોમમાં રાખીને વહીવટીતંત્રના સંકલનમાં રહીને વતન પહોંચાડવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરે.

તેમણે ઉમેર્યુ કે નાગરિકો આંતર જિલ્લા હેરફેર શક્ય હોય ત્યાં સુધી ટાળે, એ આપના તથા સમાજના હિતમાં છે કેમકે એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જવાથી કોરોનાનો ચેપ ફેલાવાની શક્યતા વધુ છે. બિનજરૂરી અવર-જવર કરવી નહીં.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com